બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મહિલા શિક્ષણ, વહીવટી અને સાથી સહાયકોને પ્રસૂતિ રજા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૩-૧૭૪-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦-૧૨-૨૦૧૫

**વંચાણમાં લીધા:**

(૧) નાણા વિભાગના તા.૧૩-૧૧-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક: No.(GN-23) No.PSN-102014-M1(334385)-P.

(૨) શિક્ષણ વિભાગનો તા.૫-૦૨-૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૨૦૦૨/૧૦૯૨/ગ.

(૩) નાણા વિભાગનો તા.૮-૨-૯૮નો ઠરાવ ક્રમાંક: પીજીઆર/૧૦૯૮/૧૭/મ.

(૪) શિક્ષણ વિભાગનો તા.૮-૩-૯૯નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૮/૨૩૦૯/પાર્ટ-૨/ગ.

(૫) શિક્ષણ વિભાગનો તા.૨-૭-૯૯નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૯/૭૪૧(૨)/ગ.

(૬) નાણા વિભાગનો તા.૧૬-૦૨-૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧.

(૭) સામાન્ય વહીવટ વિભાગનો તા.૪-૦૬-૨૦૦૯નો ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૧-૨૦૦૮-૪૩૩૭૧૭-ગ.૫.

(૮) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તા.૧-૧૦-૨૦૧૫નો પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/વ.૨/રજા/૨૦૧૪-૧૫/૧૩૭૫૪.

**આમુખ:**

ઉપર ક્રમાંક (૨)માં જણાવેલ શિક્ષણ વિભાગના તા.૫-૦૨-૨૦૦૫ના ઠરાવથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મહિલા શિક્ષણ સહાયક, મહિલા વહીવટી સહાયક અને મહિલા સાથી સહાયકોને પ્રસૂતિ રજા મંજૂર કરવામાં આવેલ છે. ત્યાર બાદ ક્રમાંક: ૧) માં જણાવેલ નાણા વિભાગના તા.૧૩-૧૧-૨૦૧૪ના જાહેરનામાથી ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમ ૬૯(૧) માં સુધારો કરી માતૃત્વ રજાઓ ૧૩૫ ને બદલે ૧૮૦ રજાઓ કરવામાં આવી. તેના અનુસંધાને ઉપર ક્રમાંક: ૮) સામેના કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીના તા.૧-૧૦-૧૫ના પત્ર અને તેની સાથે બિડાણમાં સામેલ ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની તા.૮-૦૯-૨૦૧૫ની રજૂઆતના અનુસંધાને બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મહિલા શિક્ષણ, વહીવટી અને સાથી સહાયકોને નાણા વિભાગના ક્રમાંક ૧) સામેના તા.૧૩-૧૧-૨૦૧૪ના જાહેરનામાનો લાભ આપવાની દરખાસ્ત કરવામાં આવેલ, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે રાજ્યની બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓની મહિલા શિક્ષણ સહાયકો, મહિલા વહીવટી સહાયકો તથા મહિલા સાથી સહાયકો કે જેઓની નિમણૂંક ૫ વર્ષ માટે ફીક્સ પગારથી માન્ય ભરતી પધ્ધતિ દ્વારા થયેલ છે તેઓને જ ક્રમાંક ૧) સામેના નાણા વિભાગના તા.૧૩-૧૧-૨૦૧૪ના જાહેરનામા મુજબ પ્રસૂતિ રજા ૧૮૦ દિવસ આપવાનું ઠરાવવામાં આવે છે.

૧૮૦ દિવસની માતૃત્વ રજાનો લાભ નાણા વિભાગના તા.૧૩-૧૧-૨૦૧૪ના જાહેરનામા મુજબની તારીખથી એટલે કે તા.૧-૧૦-૨૦૧૪થી ગણવાનો રહેશે. તા.૧-૧૦-૨૦૧૪ના રોજ જે મહિલાઓ માતૃત્વ રજા પર હોય તેમને પણ આ લાભ મળવાપાત્ર થશે. ૧૮૦ દિવસની પ્રસૂતિ રજા ગણતાં જે મહિલા કર્મચારીએ શિક્ષણ વિભાગના તા.૫-૦૨-૨૦૦૫ના ઠરાવ મુજબ ૧૩૫ દિવસની પ્રસૂતિ રજાનો લાભ મેળવી લીધેલ હોય તેઓને ૧૮૦ દિવસમાં ખૂટતા દિવસોની રજા જ પ્રસૂતિ રજા તરીકે મંજૂર કરવાની રહેશે; એટલે કે પ્રસૂતિ રજાની મહત્તમ મર્યાદા ૧૮૦ દિવસથી વધે નહિ તે માટે રજા મંજૂર કરનાર સક્ષમ સત્તાધિકારીએ કાળજી રાખવાની રહેશે.

આ ઠરાવ સમાન ક્રમાંકી ફાઈલ પર નાણા વિભાગની તા.૧૯-૧૧-૨૦૧૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.બી.પંડ્યા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ